ચાણક્ય ગ્રુપનું કડક અભિગમવાળું દૈનિક

# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૩ અંક ૦૫૧ તારીખ ૨૮-૧૦-૨૦૧૬ પાનાં : ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : શ્રી રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા




**ટાટા સ્ટીલમાં જંગી રીરેટીંગ જોવાશે**




# બજારમાં રોકાણકારોમાં ઉત્સાહ વધતો ગયો છે

ગયા વર્ષના દિવાળી અંકમાં હેડીંગ આપ્યું હતું કે આ વખતે કેવળ પોઝિટીવીટી જ છવાશે અને તે પ્રમાણે જેમ જેમ સંવત ૨૦૭૨ આગળ વધતું ગયું તેમ તેમ બજારમાં રોકાણકારોમાં ઉત્સાહ વધતો ગયો છે અને સંવત ૨૦૭૨ના છેલ્લાં ૨-૩ મહિનામાં તો રિટેલ ઈન્વેસ્ટર મિડકેપ, સ્મોલકેપ અને આઈપીઓ માર્કેટમાં એકદમ સક્રિય થઈ ગયેલા જોવાય છે.

વર્ષની શરૂઆત થઈ ત્યારે મુખ્યત્વે આઈટી અને ફાર્મા શેરોમાં જ મજબૂત આકર્ષણ હતું અને તમામ આઈટી અને ફાર્મા શેરોએ એક પછી એક રોકાણકારોને ખૂબજ સુંદર રિટર્ન આપ્યું હતું અને તે વખતે પ્રાઈવેટ સેક્ટર બેન્કોમાં પણ આકર્ષણ હતું, પરંતુ વર્ષની પ્રગતિ થતી ગઈ તેમ તેમ સિમેન્ટ અને અન્ય સેક્ટરોમાં પણ લેવાલી વધતી ગઈ અને વાસ્તવમાં રીયલ એસ્ટેટ સેક્ટર ઘેરી મંદીમાં હોવા છતાં પણ સિમેન્ટ શેરોએ તેના બોટમ ભાવથી રોકાણકારોને ખૂબ સુંદર રિટર્ન આપ્યું હતું. ટોચના સિમેન્ટ શેરોની વાત કરીએ તો એસીસીમાં એક તબક્કે રૂ. ૧૭૩૮નું ટોપ બન્યું હતું અને તેવી જ રીતે રૂ. ૧૮૫ના તળિયા ઉપરથી સુધરીને અંબુજા સિમેન્ટનો શેર રૂ. ૨૮૨ સુધી પહોંચી ગયેલો.

તેવી જ રીતે જેકે લક્ષ્મી સિમેન્ટ, જેકે સિમેન્ટ, પ્રિઝમ સિમેન્ટ કે જે કેવળ રૂ. ૫૬ ઉપર હતો તે વધીને રૂ. ૧૧૮ વર્ષ દરમ્યાન થઈ ગયેલો અને છેલ્લાં ઘણાં વર્ષોથી એકદમ ઠંડો પડી ગયેલો અને માંડ રૂ. ૧૮ના ભાવ ઉપર મળતો હતો તે સાંઘી ઈન્ડસ્ટ્રીઝ સંવત ૨૦૭૨માં એક તબક્કે રૂ. ૯૧ ટચ થઈને અત્યારે રૂ. ૭૦ આસપાસ મળી રહ્યો છે. સંવત ૨૦૭૨માં સિમેન્ટ સેક્ટરમાં શ્રી સિમેન્ટે રોકાણકારોને ખૂબ સુંદર રિટર્ન આપ્યું છે અને રૂ. ૯૩૫૦ના બોટમ ઉપરથી વધીને વર્ષ દરમ્યાન આ શેરે રૂ. ૧૮૫૧૯નો ભાવ બતાવેલો અને તેવી જ રીતે કુમાર

## સામે પક્ષે ફર્ટિલાઈઝર શેરોમાં અપવર્ડ મૂવમેન્ટ શરૂ થઈ ગઈ

મંગલમ્ બિરલા ગ્રૂપની અલ્ટ્રાટેક સિમેન્ટમાં પણ વર્ષ દરમ્યાન રૂ. ૨૫૮૧ના બોટમ ઉપરથી સુધરીને એક તબક્કે રૂ. ૪૧૩૦નું ટોપ જોવાયું હતું, પરંતુ સંવત ૨૦૭૩ શરૂ થાય છે ત્યારે ભારતીય અર્થતંત્રના આ મહત્ત્વના સેક્ટરમાં હવે નવી મજબૂત વૃદ્ધિની તક ઊભી થઈ રહી છે અને દેખીતી રીતે તમામ સિમેન્ટ શેરો સરેરાશ ૫૦ના ખૂબ ઉંચા પીઈ રેશિયો પર હોવા છતાં આ સેક્ટરમાં ઉત્પાદન અને વેચાણો ઝડપથી વધે અને સાથે સાથે કંપનીઓ પણ વધારે ઉંચી વેચાણ કિંમતો માંગી શકે તેવી સંભાવના શરૂ થઈ છે અને તેથી નવા વર્ષમાં આ સેક્ટર ખાસ તો ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટોની માંગને કારણે હજી સુંદર રિટર્ન આપી જવાની તક દર્શાવે છે.

સામે પક્ષે સિમેન્ટ પ્રોડક્ટ શેરોમાં હજી ખાસ વૃદ્ધિ નથી જોવાઈ અને તેથી સંવત ૨૦૭૩માં આ સેક્ટરની એચઆઈએલ, રામકો ઈન્ડસ્ટ્રીઝ અને એવરેસ્ટ ઈન્ડસ્ટ્રીઝના શેરો રોકાણકારોને સુંદર રિટર્ન આપી જશે અને તેથી આ ત્રણેય શેરો ઉપર ખાસ ધ્યાન અપાય.

સંવત ૨૦૭૨માં ઓટોમોબાઈલ શેરોએ એકંદરે ઘણું ઉંચું રિટર્ન આપ્યું છે અને લગભગ તમામ ટોચના ઓટો શેરો તેના બોટમ ભાવથી ૫૦થી ૬૦ ટકા ઉંચા લેવલ ઉપર ચાલી રહ્યા છે. પરંતુ ઓટો સેક્ટરની તેજીની ખરી શરૂઆત તો સંવત ૨૦૭૩થી થવાની ગણતરી છે. નવા વર્ષ દરમ્યાન બેઝ લિમિટ ઉંચી હોવાને કારણે વેચાણોમાં વૃદ્ધિદર ઓછો દેખાશે તે પાસું ધ્યાનમાં રાખીએ તો નફાશક્તિમાં હવે મોટા ઉછાળાની ગણતરી છે. કારણ કે સારા ચોમાસા પછી આ વખતે ગ્રામ્ય ભારતમાંથી મોટા વેચાણો નીકળવાની શરૂઆત થઈ ગઈ છે અને નવરાત્રીના તહેવારોમાં પણ આ બદલાયેલો માહોલ સ્પષ્ટ રીતે જોઈ શકાતો હતો અને તેથી સંવત ૨૦૭૩માં ટોચના ઓટો શેરો ખૂબજ ઉંચા વેલ્યુએશન ઉપર હોવા છતાં તેમાં મોટી વૃદ્ધિની ગણતરી છે અને તેમાં ટુ-વ્હીલરમાં બજાજ ઓટો અને હિરો મોટોકોર્પ, જ્યારે ફોર વ્હીલરમાં મારુતી, ટાટા મોટર્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ખાસ ધ્યાન ખેંચી રહ્યા છે. જ્યારે કોમર્શિયલ વાહનોમાં અશોક લેલેન્ડ, ફોર્સ મોટર્સ અને એસએમએલ ઈઝુઝુના શેરોમાં તોતિંગ વૃદ્ધિની જગ્યા છે. પરંતુ આઈશર મોટર્સ નવા વર્ષમાં તેનો તોતિંગ ઉછાળો આગળ વધારશે કે કેમ તે પ્રશ્ન છે.

સામે પક્ષે જનરલ ઓટો એન્સિલરી શેરોને બદલે ટાયર શેરોને ઓટોમોબાઈલની મોટી તેજીનો નવા વર્ષમાં લાભ મળવાની ગણતરી છે અને તેમાં એમઆરએફમાં હવે એટલું તેજીનું મોમેન્ટમ ન જોવાય, પરંતુ એપોલો ટાયર અને સિએટ અને જેકે ટાયર સુંદર રિટર્ન આપી શકશે તેમ દેખાય છે.

ગયા વર્ષ દરમ્યાન કેમિકલ શેરોમાં ખૂબજ સુંદર ઉછાળો જોવા મળ્યો અને ખાસ તો યુરોપની ખૂબજ ઉંચી માંગનો ફાયદો લગભગ મોટા ભાગની કેમિકલ કંપનીઓમાં જોઈ શકાયો છે અને સાથે સાથે આ કેમિકલ કંપનીઓને ક્રૂડના નીચા ભાવનો ફાયદો પણ ગયા વર્ષે મળ્યો હતો, પરંતુ હવે સંવત ૨૦૭૨ની સરખામણીમાં સંવત ૨૦૭૩ દરમ્યાન કેમિકલ શેરોમાં આ પ્રકારનું મોમેન્ટમ મહદ્અંશે જળવાઈ શકે તે સંભાવના નથી દેખાતી અને તેથી જનરલ ટ્રેન્ડની રીતે જોઈએ તો કેમિકલ શેરોમાં સંવત ૨૦૭૩માં એકદમ સિલેક્ટિવ રહેવું સલાહભરેલ છે અને કેવળ પિડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ, ફિલિપ્સ કાર્બન આ બે શેરો જ મોટું રિટર્ન આપી શકે તેવી ગણતરી છે. પરંતુ કેમિકલ શેરોની સરખામણીમાં ક્લોર આલ્કલી શેરો અને ફર્ટિલાઈઝર સેક્ટર સંવત ૨૦૭૩માં ખૂબ ઉંચું રિટર્ન આપવાની તક દર્શાવે છે અને તેથી જનરલ માર્કેટ રિપોર્ટમાં આ સેક્ટર વિશે થોડી વાત કરી લઈએ.

ક્લોર આલ્કલી સેક્ટરમાં ગયા વર્ષની સરખામણીમાં ઓપરેટીંગ નફાના માર્જીનમાં લગભગ ૩૩ ટકાનો નોંધપાત્ર ઉછાળો શરૂ થયો છે અને વેચાણ વૃદ્ધિ પણ ખૂબજ ઝડપથી વધવાની ગણતરી છે. ગયા વર્ષે ૧૨ મહિનામાં ટોચની ૭ ક્લોર આલ્કલી કંપનીઓએ રૂ. ૫૩૭ કરોડનો નફો બતાવેલો અને તેની સરખામણીમાં સંવત ૨૦૭૩ દરમ્યાન આ સાત કંપનીઓ લગભગ ૮૨૦ કરોડનો નફો બતાવશે તેવી ગણતરી છે. એટલે લગભગ ૬૦ ટકાનો ઉછાળો થયો અને તે પાછળ આ સેક્ટરની જીએચસીએલ, ગુજરાત આલ્કલીઝ, કનોરિયા કેમિકલ્સ, પંજાબ આલ્કલીઝ, શ્રી રોયલસીમા આલ્કલી અને ટાટા કેમિકલ્સના શેરો ઉપર ખાસ ફોકસ રાખવું.

સામે પક્ષે ફર્ટિલાઈઝર શેરોમાં અપવર્ડ મૂવમેન્ટ શરૂ થઈ ગઈ છે, પરંતુ ગયા બજેટમાં જે રીતે નાણાંમંત્રીએ આ સેક્ટરને સબસીડીના બોજામાંથી બહાર કાઢવાનો સંકેત આપેલો તે પાસું ધ્યાનમાં રાખીએ તો ખાનગી ફર્ટિલાઈઝર શેરો અને સાથે સાથે સરકારી શેરોમાં રીરેટીંગની જગ્યા ખૂબજ વધી ગઈ છે. સંવત ૨૦૭૨ના દિવાળી અંકમાં જીએનએફસીનું એનાલિસિસ આપેલું અને તેણે ખૂબ સુંદર ઉછાળો આપી દીધો છે. લગભગ ૩૦૦ ટકાનો ઉછાળો જીએનએફસીમાં જોવાયો, પરંતુ હવે નવા વર્ષમાં જીએસએફસી, ચંબલ ફર્ટિલાઈઝર, આરસીએફ અને સ્પીક આપણને મોટું રિટર્ન આપી જાય તેવી ગણતરી છે. આ ઉપરાંત મેંગ્લોર કેમિકલ્સ એન્ડ ફર્ટિલાઈઝર, કેવળ રૂ. ૧૪ના ભાવે મળી રહેલા મદ્રાસ ફર્ટિલાઈઝર અને કોરોમંડલ ઈન્ટરનેશનલના શેરોમાં પણ ખૂબ સુંદર રિટર્નની તક છે.

ગયું વર્ષ પ્રાઈવેટ સેક્ટર બેન્કોનું બની રહ્યું અને સંવત ૨૦૭૨ દરમ્યાન સરકારી બેન્કોમાં જેમણે રોકાણ કરેલું તેમને ભારોભાર હતાશા અને નુકસાન જ જોવા મળ્યા છે. પરંતુ સંવત ૨૦૭૩નું વર્ષ સરકારી બેન્કોના રોકાણકારોનું જ બની રહે તેવી ગણતરી છે.

એક તરફ સરકારી બેન્કોમાં રીસ્ટ્રકચર પતી જાય અને સાથે સાથે તેમનું રીકેપિટલાઈઝેશન પણ પતે તે પાસું ધ્યાનમાં રાખવું પડે અને તે દષ્ટિકોણથી સ્ટેટ બેન્ક સૌથી વધારે આકર્ષક રોકાણ નવા વર્ષમાં લાગે છે અને તે પછીના તબક્કે પંજાબ નેશનલ બેન્ક કે જે અત્યારે બીજી હરોળની બેન્ક છે તેમાં રૂ. ૬૯ના બોટમની સામે રૂ. ૧૪૪નું ટોપ આવ્યું, પરંતુ હજી પણ નફામાં આવી જતાં આ શેરમાં રૂ. ૨૦૦ ઉપરનો ભાવ જોવા મળી શકશે.




અત્યારનો ભાવ રૂ. ૧૩૨.૭૦ : ૫૦ દિવસની સાદી મૂવિંગ એવરેજ ૧૩૦ને ક્રોસ ઓવર આપી ૨૦ દિવસની સાદી મૂવિંગ એવરેજ હજી પણ ૧૩૦નું લેવલ બતાવે છે અને તેવી જ રીતે ૩૦ અઠવાડિયાની સાદી મૂવિંગ એવરેજ ૧૨૩ને ક્રોસ ઓવર આપી ૧૦ અઠવાડિયાની સાદી મૂવિંગ એવરેજ ૧૩૦ ઉપર છે.

આરએસઆઈ ૫૮.૨૬ ઉપર છે. જ્યારે સિગ્નલ લાઈન -૦.૧૫ ને તોડીને એમએસીડી લાઈન ૦.૧૨નું લેવલ દર્શાવે છે.

શોર્ટટર્મ મોમેન્ટમ બતાવતાં સ્ટોકેસ્ટિક્સ આરએસઆઈમાં પણ શરૂઆત નબળાઈ સાથે થાય તેવો સંકેત છે અને તેથી આ શેરમાં ૧૨૯ના સ્ટોપલોસથી તેજી કરાય. ઉપરમાં ૧૩૫ની સંભાવના છે અને તે પછી ૪ અઠવાડિયે રૂ. ૧૪૩

ટોચની બેન્ક તરીકે સ્થાન ધરાવતી કેનેરા બેન્કમાં તો અપવર્ડ ટ્રેન્ડ શરૂ થઈ ગયો છે પરંતુ નવા વર્ષમાં આ શેરમાં રૂ. ૬૦૦થી રૂ. ૮૦૦ વચ્ચે ભાવ આવે તો નવાઈ નહીં લાગે. જ્યારે રૂ. ૫૦૦૦૦ કરોડની આવકો ધરાવતી બેન્ક ઓફ બરોડા અને રૂ. ૪૬૦૦૦ કરોડની આવકો ધરાવતી બેન્ક ઓફ ઈન્ડિયાના શેરમાં પણ સંવત ૨૦૭૩માં ખૂબ સુંદર રિટર્નની જગ્યા છે.

રૂ. ૭૧ની બુકવેલ્યુ સામે કેવળ રૂ. ૨૬ના નીચા ભાવ ઉપર મળી રહેલા ઈન્ડિયન ઓવરશીઝ બેન્કના શેરમાં પણ નવા વર્ષમાં લગભગ ૨૦૦ ટકા રિટર્ન સાથે રૂ. ૮૦નો ભાવ આવે તો નવાઈ નહીં લાગે.

સેક્ટોરલ એનાલિસિસના એંગલથી જોઈએ તો ગયા વર્ષે પસંદગીની ફિનાન્સ કંપનીઓમાં રોકાણકારોને ખૂબ સુંદર રિટર્ન છૂટ્યું છે અને મુખ્યત્વે જે ફિનાન્સ કંપનીઓનું રોકાણ ઈન્સ્યોરન્સ કંપનીમાં છે તેવી બજાજ ફિનસર્વ, રિલાયન્સ કેપિટલ, મેક્સ ફિનાન્સિયલના શેરોમાં સુંદર રિટર્ન જોવા મળ્યું. પરંતુ સંવત ૨૦૭૩ દરમ્યાન સમગ્ર ફિનાન્સિયલ સેક્ટરમાં જ ખૂબ સુંદર રીરેટીંગ સાથે માંગમાં મોટો ઉછાળો આવે અને ફિનાન્સ શેરોમાં ઉંચા રિટર્ન છૂટે તેવી ગણતરી છે અને તેમાં આગેવાની હાઉસિંગ ફિનાન્સ સેક્ટર અને સાથે સાથે માઈક્રો ફિનાન્સ કંપનીઓ લેશે તે સંભાવના છે.

સંવત ૨૦૭૨ દરમ્યાન બંને ગોલ્ડ લોન કંપનીઓ મન્નાપુરમ ફિનાન્સ અને મુથુટ ફિનાન્સને ૧૦૦થી ૨૦૦ ટકા જેટલું ઉંચું રિટર્ન આપ્યું છે. મન્નાપુરમ એક તબક્કે રૂ. ૨૨ ઉપર હતો અને તે પછી તેમાં રૂ. ૧૦૧નું ટોપ બન્યું છે. જ્યારે રૂ. ૧૬૦વાળા મુથુટમાં રૂ. ૪૦૫નું ટોપ જોવાયું હતું. પરંતુ નવા વર્ષ દરમ્યાન આ બે શેરોમાં સામાન્ય ઉછાળો રહે અને તેની સરખામણીમાં પાવર સેક્ટર માટે ધિરાણ આપતી બંને કંપનીએ આરઈસી અને પીએફસી આપણને જોરદાર રિટર્ન આપી જાય તેવી ગણતરી છે અને તેથી શેરના વિભાજન પછીના ભાવે આ બંને શેરો ધ્યાનમાં રાખી શકાય.

સંવત ૨૦૭૩ના વર્ષમાં આઈસીઆઈસીઆઈ પ્રૂડેન્શિયલ લાઈફ ડાર્ક હોર્સ બનવાની ગણતરી છે. રૂ. ૩૩૪માં અપાયેલો આ શેર એક તબક્કે રૂ. ૩૦૦ની નીચે ઉતરી ગયેલો અને તે પછી તેની ઈશ્યૂ કિંમતની નજીકનો ભાવ આવી ગયો પરંતુ નવા વર્ષમાં આ શેરે અન્ય ઈન્સ્યોરન્સ કંપનીઓ માટે દષ્ટાંતરૂપ બનવાનું છે અને તેથી તેમાં રૂ. ૪૦૦થી રૂ. ૪૪૦નો ભાવ આવી જાય તો સહેજે નવાઈ નહીં પામતા. આ ઉપરાંત અત્યાર સુધી સામાન્ય રિટર્ન આપી રહેલી એલએન્ડટી ફિનાન્સ હોલ્ડિંગ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા ફિનાન્સિયલ સર્વિસના શેરોમાં પણ મજબૂત વૃદ્ધિની ગણતરી છે.

નવા વર્ષમાં ટોચની ત્રણેય માઈક્રો ફિનાન્સ કંપનીઓ આકર્ષક રિટર્ન આપી શકશે અને તેથી ઈક્વિટાસ હોલ્ડિંગ અને એસકેએસ માઈક્રો ફિનાન્સના શેર ઉપર ફોકસ રાખવું. જ્યારે નીચા ભાવના શેરમાં રૂ. ૨૫માં મળતો આદિત્ય બિરલા મની ડાર્ક હોર્સ બનવાની ગણતરી છે અને તેથી તે શેર ધ્યાનમાં રખાય.

હાઉસિંગ ફિનાન્સ સેક્ટરમાં ગયા વર્ષ દરમ્યાન એલઆઈસી હાઉસિંગ ફિનાન્સે તો અફલાતૂન રિટર્ન આપ્યું પરંતુ નવા વર્ષ દરમ્યાન રૂ. ૩૩૧ ઉપરનો જીઆઈસી હાઉસિંગ ફિનાન્સ અને રૂ. ૧૬૮૧ સુધી ઉંચકાયેલો કેનફિન હોમ્સનો શેર ખૂબ સુંદર રિટર્ન આપી રહેશે અને બાકી એચડીએફસીમાં તો આ વર્ષ મોટા રીસ્ટ્રકચરની જાહેરાતનું બનવાનું છે અને તેથી તે શેર ઉપર ખાસ ફોકસ રાખવું.

ફિનાન્સ સેક્ટરમાં બે શેર ખાસ ધ્યાન ખેંચે છે. એક તો રૂ. ૫૩ના ભાવે મળી રહેલો ટૂરીઝમ ફિનાન્સ કોર્પોરેશન અને રૂ. ૨૬-૨૭ ઉપર ઉતરી ગયેલો આઈએફસીઆઈનો શેર ઉંચું રિટર્ન આપી શકવાની તક દર્શાવે છે અને તેથી તે બે શેરો ખાસ ધ્યાનમાં રખાય અને તેમાં પણ ટીએફસીઆઈમાં તો રાકેશ ઝુનઝુનવાલાએ મોટું હોલ્ડિંગ લીધું હોવાન વાત ચાલી રહી છે.

માઈક્રો ફિનાન્સમાં ઉજ્જિવાન ફિનાન્સિયલ ખાસ ધ્યાન ખેંચે છે અને તેમાં પણ સુંદર ઉછાળાની જગ્યા છે.

ગયું વર્ષ એકંદરે હોસ્પિટલ શેરોનું રહ્યું હતું. કારણ કે એમ પણ વૈશ્વિક અર્થતંત્ર માંદગીમાંથી બહાર આવ્યું હોવાથી તેને હોસ્પિટલની ખાસ જરૂર પડે, પરંતુ હવે વૈશ્વિક અર્થતંત્ર તંદુરસ્ત થઈ ગયું છે અને તેથી હોટલમાં જવા લાગશે અને તેથી સંવત ૨૦૭૩ના વર્ષમાં હોટલ શેરોમાં મજબૂત ઉછાળાની ગણતરી છે. એમ પણ છેલ્લાં ૧ ક્વાર્ટરથી ભારતમાં ટૂરીસ્ટ ટ્રાફીકમાં ૨૮ ટકાનો સુંદર ઉછાળો જોવાયો છે અને તેથી છેલ્લાં ઘણાં મહિનાઓથી નીચો ઓક્યુપન્સી દર ધરાવતી હોટલોને ફાયદો થવાનો અને તેમાં સૌથી મોટો ફાયદો ટાટા ગ્રૂપની ઈન્ડિયન હોટલને થાય તે સ્વાભાવિક છે અને તેમાં રીરેટીંગ સાથે આ શેર રૂ. ૧૫૦ની ઉપર આવી જાય તેવી ગણતરી છે. તેવો જ સુંદર ઉછાળો એશિયન હોટલ ઈસ્ટ અને એશિયન હોટલ વેસ્ટના શેરોને થશે. સામે પક્ષે દેવાના બોજામાં ફસાયેલી હોટલ લીલા વેન્ચર પણ નવા વર્ષમાં મજબૂત બાઉન્સ બેક થવાની ગણતરી છે અને તેથી તે શેર ઉપર ફોકસ કરાય. રોયલ ઓર્કિડ હોટલ, મહિન્દ્રા હોલિડેઝ, તાજ જીવીકે, ઓરીએન્ટલ હોટલ્સ અને રૂ. ૮૯ના બોટમ નજીકના ભાવે ઉતરી ગયેલા સ્પેશ્યાલિટી રેસ્ટોરન્ટના શેરમાં પણ નવા વર્ષમાં સુંદર ઉછાળાની જગ્યા છે.

સંવત ૨૦૭૩માં માઈનીંગ સેક્ટરમાં નોંધપાત્ર સુધારો જોવાશે. એકંદરે ૨૦૭૨ દરમ્યાન ચીનના અર્થતંત્ર અંગેના નકારાત્મક સમાચાર પ્રથમ ૯ મહિના સુધી ચાલુ રહ્યા હોવાથી મેટલ અને માઈનીંગ કંપનીઓ સતત દબાણ હેઠળ જ રહી હતી પરંતુ છેલ્લાં ૨ મહિનાથી ચીનના અર્થતંત્ર અંગેનો ગભરાટ દૂર થયો છે અને છેલ્લાં થોડાં અઠવાડિયાથી આપણે જોઈ રહ્યા છીએ કે આંતરરાષ્ટ્રીય સ્તરે બિનલોહ ધાતુઓમાં મજબૂત અપટ્રેન્ડ શરૂ થઈ ગયો છે અને તેથી સંવત ૨૦૭૩માં માઈનીંગ અને મિનરલ સેક્ટરના શેરો ઉપર ખાસ ધ્યાન આપજો અને તેમાં ગુજરાતની જીએમડીસી રૂ. ૮૬-૮૮ના ભાવે મફતના ભાવે મળી રહ્યો છે અને તેમાં નાંખી દેતાં ૫૦થી ૭૦ ટકા છૂટવાની તક છે. આ ઉપરાંત રૂ. ૨૭૨માં મળી રહેલો મૈથન એલોય, રૂ. ૧૦૫ના ભાવે મળતાં એનએમડીસીના શેરમાં પણ ખૂબ સુંદર ઉછાળાની જગ્યા દેખાય છે.

ટાટાની ટીનપ્લેટ કંપની કે જે ટીનના ઉત્પાદનમાં મોટું નામ છે તેમાં પણ નફાશક્તિ ઝડપથી ઉંચકાય અને રૂ. ૮૨વાળો શેર ૫૦ ટકા વધીને રૂ. ૧૨૦ આસપાસ આવી જાય તેવી ગણતરી છે.

કોલ ઈન્ડિયા અત્યારના ભાવે કવર કરાય અને નવા વર્ષમાં તે શેર પણ ઉંચું રિટર્ન આપી શકશે. જ્યારે હિંદુસ્તાન ઝીંક અને વેદાંતાના શેરો પણ આ વર્ષે સતત વધવાનું ચાલુ રાખે તે સંભાવના મજબૂત છે.

અર્થતંત્ર સુધરે એટલે તેનો સીધો ફાયદો પેકેજીંગ સેક્ટર ઉપર થાય છે. કારણ કે લોકો પૈસા કમાય એટલે તેમને વધારે આકર્ષક પેકેજીંગની જરૂર પડે અને તે પાછળ નવા વર્ષ દરમ્યાન પેકેજીંગ શેરોમાં પણ રીરેટીંગની મોટી ગણતરી છે અને તેમાં એકદમ કિફાયતી વેલ્યુએશન ઉપર મળી રહેલો જિંદાલ પોલિફિલ્મસનો શેર ખૂબ સુંદર રિટર્ન આપી શકશે. રૂ. ૪૧૨ની બુકવેલ્યુ સામે જિંદાલ પોલિફિલ્મસ કેવળ રૂ. ૪૦૦ના ભાવ ઉપર મળે છે અને નીચા ક્રૂડનો ફાયદો પણ તેને મળવાનો. ઉપરમાં રૂ. ૮૦૦ ટચ થવાની ગણતરી છે.

તેવી જ રીતે રૂ. ૧૫૦૦ કરોડના વેચાણો ધરાવતી કોસ્મો ફિલ્મમાં પણ રીરેટીંગની મોટી જગ્યા છે અને તે શેર ઉપર પણ ફોકસ કરાય. કોસ્મોનો શેર અત્યારે કેવળ રૂ. ૩૯૪ ઉપર ચાલી રહ્યો છે અને નવા વર્ષ દરમ્યાન તેમાં રૂ. ૫૦૦થી રૂ. ૬૦૦ની વચ્ચે ભાવ આવી જાય તે સંભાવના મજબૂત છે.

પોલિફલેક્સ કોર્પોરેશનનો શેર એમ તો સારો એવો વધી ગયો છે અને તેથી તે શેરમાં થોડુંક પ્રોફીટ બુકીંગ કરી શકાય અને તે પૈસા આ સેક્ટરની સૌથી જંગી વેચાણો ધરાવતી યુફ્લેકસમાં શિફ્ટ કરી દેવા. અત્યારે આ કંપની રૂ. ૩૫૦૦ કરોડના વેચાણો ધરાવે છે અને તેના નફામાં હવે તોતિંગ વૃદ્ધિની જગ્યા છે. આધુનિક પેકેજીંગ ફિલ્મનો નવો પ્લાન્ટ પણ કાર્યરત થઈ ગયો છે. અત્યારે રૂ. ૨૯૮માં મળે છે અને નવા વર્ષમાં રૂ. ૪૦૦નો ભાવ જોવા મળે તો નવાઈ નહીં લાગે.

સામે પક્ષે ઝી ટેલિફિલ્મ ગ્રૂપની એસેલ પ્રોપેક અત્યારે વિશ્વની ટોચની પેકેજીંગ ફિલ્મમાં નામ ધરાવે છે. એમ તો ગયા વર્ષ દરમ્યાન રૂ. ૧૩૩ના બોટમથી વધીને રૂ. ૨૪૫નું લેવલ એસેલ પ્રોપેકમાં જોવાયું હતું અને હવે નવા વર્ષમાં તેમાં રિટર્ન એકદમ મર્યાદિત રહેવાની ગણતરી છે એટલે થોડુંક પ્રોફીટ બુકીંગ શરૂ કરી શકાય.

સામે પક્ષે ફલેક્સિટફ ઈન્ટરનેશનલ નામનો ઓછો જાણીતો શેર અત્યારે રૂ. ૧૯૫ ઉપર છે અને તે શેરમાં નવા વર્ષમાં ઉંચા રિટર્નની જગ્યા છે. આ શેર અને રૂ. ૧૩૫માં મળતો ગરવારે પોલિએસ્ટર ફિલ્મનો શેર સારું રિટર્ન આપી શકે.

પેપર શેરો પણ સંવત ૨૦૭૩માં આપણને સુંદર રિટર્ન આપી શકશે. છેલ્લાં ૩ વર્ષથી પેપરની માંગ માંડ ૩થી ૫ ટકાના દરે સુધરતી હતી અને એકંદરે સમગ્ર શેરો ફેન્સી ગુમાવી ચૂકેલા પરંતુ હવે નવા વર્ષમાં આ સેક્ટરમાં સુંદર રીરેટીંગની જગ્યા છે અને તેમાં સૌથી વધારે આકર્ષક રિટર્ન બેલારપુર ઈન્ડસ્ટ્રીઝના શેરમાં મળવાની સંભાવના દેખાય છે. આ ઉપરાંત રૂ. ૨૭૦૦ કરોડના વેચાણો ધરાવતી તામિલનાડુ ન્યૂઝપ્રિન્ટ અત્યારના રૂ. ૩૩૦થી વધીને રૂ. ૫૦૦નો ભાવ બતાવે તો નવાઈ નહીં લાગે. તેવી રીતે બાંગુર ગ્રૂપના વેસ્ટકોસ્ટ પેપરમાં પણ ખૂબ સુંદર વૃદ્ધિની ગણતરી છે. બાંગુર ગ્રૂપની શ્રી સિમેન્ટ એમ પણ રોકાણકારોમાં જોરદાર ફેન્સી ધરાવે છે અને હવે સંવત ૨૦૭૩માં બાંગુરની વેસ્ટકોસ્ટ રૂ. ૧૧૬ના લેવલથી સુંદર રિટર્ન આપી જાય તેવી ગણતરી છે.

નવા વર્ષમાં ડાર્ક હોર્સ તરીકે ઓઈલ અને ગેસ સેક્ટરના શેરો ઉભરી આવશે અને તેથી આ શેરો વિશે જનરલ ચર્ચા કરી લઈએ.

આંતરરાષ્ટ્રીય સ્તરે સંવત ૨૦૭૨ દરમ્યાન ક્રૂડના ભાવ એક તબક્કે ૨૬ ડોલર સુધી નીચા ઉતરી ગયેલા ત્યારે અમેરિકામાં હાઉસિંગ ફિનાન્સ કંપનીઓ પછી ઓઈલ અને ગેસ સેક્ટરની કંપનીઓ નાદારીમાં ધકેલાશે તેવો ભય ઉભો થયેલો પરંતુ ફરી એક વખત ક્રૂડ ૫૦ ડોલર ઉપર આવી ગયું છે અને તેથી ઓઈલ અને ગેસ સેક્ટરની કંપનીઓ ઉપરની ઘાત ટળી ગઈ. પરંતુ સૌથી મહત્ત્વની બાબત ભારતની બંને ટોચની ઓઈલ અને ગેસ કંપનીને પણ હવે પોતાના ક્રૂડના સારા ભાવ મળ્યા છે અને તેથી નવા વર્ષમાં ઓએનજીસી અને ઓઈલ ઈન્ડિયા તેના વાસ્તવિક નફા લગભગ ૬ વર્ષના સમયગાળા પછી બતાવશે. અને વાસ્તવિક નફા જોવાવાનું શરૂ થઈ જતાં આ બંને શેરોમાં ૫૦થી ૧૦૦ ટકા વૃદ્ધિની જગ્યા છે.

આ ઉપરાંત ત્રણેય ઓઈલ માર્કેટિંગ કંપનીઓ પણ લગભગ ૭ વર્ષના સમયગાળા પછી વાસ્તવિક નફા બતાવી શકશે અને તેથી આ ત્રણેય ઓઈલ માર્કેટિંગ કંપનીઓના નફામાં ઉછાળાની સાથે સાથે આ શેરોમાં પણ સંવત ૨૦૭૨ના છેલ્લાં ૩ મહિનામાં ઉછાળો જોવાયો અને આ તેજી નવા વર્ષમાં પણ રહેશે.

**POLYLINK POLYMERS (INDIA) LIMITED**
CIN No: L17299GJ1993PLC032905
Registered Office: 229-230, Village: Valthera, Taluka – Dholka, Distt. Ahmedabad, Gujarat 387810
Ph No.: 079-26427800, Fax: 079-26421864
Website:www.polylinkpolymers.com
E-mail: polylink@polylinkpolymers.com

**NOTICE**

*Pursuant to Regulation 29 (1) of the SEBI (Listing obligation and Disclosure Requirements) regulations, 2015, Notice is hereby given that a Meeting of the Board of Directors of the Company is Scheduled on Wednesday 09th November, 2016 at 11.30 A.M. Inter alia to consider and take on record the Un-Audited Financial Results for the Quarter and Half YearEnded as on 30th September, 2016and other Business items*

**For Polylink Polymers (India) Limited**
**Sd /**
**Ankit Vageriya**
**Company Secretary**

*Date: 27.10.2016*
*Place: Ahmedabad*

**DYNAMIC INDUSTRIES LIMITED**
Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
CIN : L24110GJ1989PLC011989
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**સૂચના**

સેબી (લીસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાઈર્મેંટ) રેગ્યુલેશન્સ,૨૦૧૫ ના નિયમ ૪૭(૧)(એ) મુજબ,આથી સૂચના આપવામાં આવે છે કે કંપનીના બોર્ડ ઓફ ડાઈરેક્ટર્સની મીટિંગ ૧૪મી નવેમ્બર,૨૦૧૬,સોમવારના રોજ સાંજે ૫:૩૦કલાકે કંપનીની રજિસ્ટર્ડ ઓફિસ પર યોજાશે.જેનો હેતુ ૩૦મી સપ્ટેમ્બર,૨૦૧૬ના રોજ પૂર્ણ થયેલા ત્રિમાસિક/અર્ધવાર્ષિક સમયગાળા અન-ઓડીટેડ એકલ નાણાકીય પરિણામો ધ્યાનમાં લેવાનો અને મંજૂર કરવાનો છે.વધુ વિગતો કંપની ની વેબસાઈટ http://dynaind.com/investors_zone.html અને બીએસઈની વેબસાઈટ www.bseindia.com/stock-share-price/dynamic-industries-ltd/dynamind/524818/ પર મળશે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ ના હુકમથી
સહી/-
હર્ષ રમેશભાઈ હીર્પરા
કંપની સેક્રેટરી

સ્થળ: અમદાવાદ
તારીખ :૨૮ ઓક્ટોબર,૨૦૧૬

**Chanakya Android Apps**
૬ દિવસની ફ્રી ટ્રાયલ
દેશનાં ટોચનાં ઈન્વેસ્ટમેન્ટ વીક્લી ચાણક્ય દ્વારા
**બજારનાં આવતી કાલના અંદાજ માટે**
આજે જ તમારા એન્ડ્રોઈડ ફોનમાં ફ્રી ડાઉનલોડ કરો...
દેશની એકમાત્ર એન્ડ્રોઈડ ફોન એપ્સ !
વધુ માહિતી માટે 09824900644

શાંત ચિત્ત માટે મગજને સતેજ રાખે તેમજ ચિંતા, અકળામણ, ગુસ્સો દૂર કરે તે માટે વૈજ્ઞાનિક ઢબે તૈયાર થતું ક્રોસવર્ડ મેગેઝીન

**મગજમારી ભેજામારી**

નિવૃત્ત લોકો, ગૃહિણીઓ, બાળકો, ચાલીસીમાં પ્રવેશી ચૂકેલાઓ માટે બેસ્ટ

દર બુધવારે, કોપી બુક કરવો




**PRATIKSHA CHEMICALS LIMITED**
REGD. OFFICE: 3RD FLOOR, H K COMPLEX, OPP. DHARNIDHAR DERASAR, VASNA, AHMEDABAD – 380007
CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in
PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

**NOTICE OF BOARD MEETING**

Notice is hereby given pursuant to Regulation 29 read with Regulation 47 of SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015 that the meeting of the Board of Directors is scheduled to be held on Friday, 11th November, 2016 to consider and approve the unaudited (provisional) Financial Results for the quarter and half year ended on 30th September, 2016

For, Pratiksha Chemicals Limited
SD/-
Mr. Jayesh Patel
Technical Director
(DIN : 00401109)

Place : Ahmedabad
Date : 27/10/2016